ક્રમાંક: જીઆઇડીસી-જમી-રસુ-પીઓએલ-૩૪
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર. તારીખ:૨:૧૨:૨૦૦૩.

<u>પ રિ પ ત્ર::</u>

વિષય:: નિગમ દ્વારા ફાળવવામાં આવેલ અસ્કયામતોને
જે તે હેતુને બદલે અન્ય હેતુ અર્થાત્ શૈક્ષણિક /
ઔદ્યોગિક તાલીમ, સ્વ રોજગારી પ્રવૃત્તિઓ,
મહિલા આર્થિક વિકાસ, સમાજપયોગી પ્રવૃત્તિઓ
વિગેરે પ્રવૃત્તિઓ કરતાં બેલ્ફેર ટ્રસ્ટની તરફેણ
<u>માં તબદીલ કરવા બાબતના નીતિ.</u>

નિગમની જુદી જુદી વસાહતોમાં ફાળવવામાં આવતાં ઔદ્યોગિક, રહેણાંક, વાણિજ્યીક પ્લોટ / શેડ / અસ્કયામતોના ફાળવણીદારો દ્વારા તેઓને ફાળવવામાં આવેલ હેતુ સિવાયના અન્ય હેતુ જેવા કે - શૈક્ષણિક / ઔદ્યોગિક તાલીમ, સ્વ રોજગારી પ્રવૃત્તિઓ, મહિલા આર્થિક વિકાસ, સમાજોપયોગી પ્રવૃત્તિઓ વિગેરેના હેતુ માટે તબદીલીની દરખાસ્ત નિગમને મળતી હોવાથી આવા કિસ્સા માટે એક સર્વગ્રાહી નીતિ ઘડવાનું નિગમની વિચારણા હેઠળ હતું. જે માટે નિગમની તા.૧૬:૧૦:૨૦૦૩ ના રોજ મળેલી ૪૧૪ મી સભા સમક્ષ એક કાર્યસૂચિ સાદર કરવામાં આવેલ. આ કાર્યસૂચિ પર ચર્ચા વિચારણા કરી નિગમે ઠરાવ ક્રમાંક: ૮૦/વિતરણ/૪૧૪/૨૦૦૩ પસાર કરેલ છે, અને આ ઠરાવ અનુસાર નીચે મુજબની નીતિ અમલી બનાવવામાં આવે છે.

૧: આવી સંસ્થા / ટ્રસ્ટ નોંધાયેલ સંસ્થા / ટ્રસ્ટ હોવી જોઇએ કે જેનો હેતુ વાણિજ્યીક પ્રવૃત્તિ સિવાયની સમાજપયોગી સેવા કે સાર્વજનિક ઉત્થાન અને વિકાસ વાળી હોઇ અને જે સામાન્યત: ઔદ્યોગિક / શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિ, તાંત્રિક તાલીમ, મહિલા વિકાસની પ્રવૃત્તિઓ, સ્વાસ્થ્યને લગતી પ્રવૃત્તિઓ, બ્લડ બેંક, સ્વરોજગારપયોગી તાલીમ, સાર્વજનિક ઉત્થાન વિગેરે જેવી સાર્વજનિક પ્રવૃત્તિ કરતી હોવી જોઇએ અને વાણિજ્યીક ઇરાદાવાળા ઉપયોગ વાળી કોઇ પ્રવૃત્તિ કરતી ન હોવી જોઇએ.

૨: આવી સંસ્થાઓની તરફેણમાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને જે તે વસાહતના માન્ય ઔદ્યોગિક મંડળ તરફથી ભલામણ મેળવેલી હોવી જોઇએ.

૩: તબદીલ થતી અસ્કયામતોની સંપૂર્ણ કિંમત તથા તબદીલીના સમય સુધીની અન્ય તમામ લહેણાં રકમ ભરપાઇ કરવાની રહેશે.

૪: આવી તબદીલીની અસ્કયામત વસાહતના જે ઝોનમાં હશે એટલે કે ઔદ્યોગિક, રહેણાંક કે વાણિજ્યીક ઝોનમાં પ્રવર્તમાન વિતરણ દરના ૧૦% ના ધોરણે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

૫: જો તબદીલ થતાં અસ્કયામત વિલંબથી ઉપયોગમાં લેવામાં આવેલ હોય કે બીન ઉપયોગી હોય તો બીન વપરાશના દંડની રકમ નિગમની જે તે સમયની પ્રવર્તમાન નીતિ અનુસાર વસુલ લેવાની રહેશે.

૬: સાર્વજનિક હેતુ વાળી સંસ્થાઓ કે ટ્રસ્ટ કે જેની તરફેણમાં તબદીલી થાય છે. તે ટ્રસ્ટ દ્વારા આવી અસ્કયામતોનો ઉપયોગ સાર્વજનિક હેતુ સિવાય અન્ય હેતુ માટે કરવામાં આવતો જણાશે અથવા ઉપરથી સાર્વજનિક દેખાતો હેતુ ખરેખર ઉપયોગમાં લેવાય ત્યારે વાણિજ્યીક ઇરાદાવાળો સાબિત થતો હોવાનું નિગમને લાગશે તો આવી અસ્કયામતોનો કબજો તાત્કાલિક પરત મેળવાની કાર્યવાહી નિગમ દ્વારા કરાશે.

૭: આવી તબદીલીની મંજૂરી આપવાની સત્તા ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે. આથી જ્યારે આવી દરખાસ્ત મળે ત્યારે ઉપરોક્ત માર્ગદર્શક સિધ્ધાંતો / સૂચનાઓને અનુલક્ષી જરૂરી ચકાસણી કરી દરખાસ્ત સાદર કરવાની આથી નિગમના તમામ વિતરણ અધિકારીઓને સૂચના આપવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિત./રસુ) ને મોકલી આપવી.

સહી/-
(હસમુખ અઢિયા),
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...

<u>નકલ રવાના::</u>

૧: પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડ. એસોસીએશન, અમદાવાદ ... તરફ ...
૨: પ્રમુખશ્રી, તમામ ઔદ્યોગિક વસાહતના મંડળો...તરફ...

રવાના કર્યુ,
મેનેજર (મહેકમ). 3/1/03